# સંશોધન નિયામકશ્રીની કચેરી
# કામધેનુ યુનિવર્સિટી

(અમારૂ ધ્યેયઃ સર્વ જીવોનું કલ્યાણ)

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

ડૉ. ડી. બી. પાટીલ
સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ઇ-મેઈલ: dr@ku-guj.com
ફોન નં.: ૦૭૯ - ૨૩૨૨૦૭૧૪


**વંચાણે લીધા :-** અત્રેની કચેરીની તા.૦૨/૧૨/૨૦૨૦ ની નોંધ પર માન.કુલપતિશ્રીની મળેલ મંજૂરી અન્વયે

વૈજ્ઞાનિક સાધનો, લેબ મીડીયા, કેમીકલ્સ, ગ્લાસવેર, મેડીસીન વગેરે સાધન સામગ્રીની ખરીદી GeM પોર્ટલ તથા અન્ય માધ્યમમાંથી કરવા બાબત.

## -:: પરિપત્ર ::-

વંચાણે લીધા અન્વયે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સરકારી વિભાગો/કચેરીઓ/સંસ્થાઓએ ખરીદી GeM પોર્ટલ પરથી કરવાની રહે છે. પરંતુ GeM પોર્ટલ પર અત્રેની યુનિવર્સિટીના વેટરનરી, ડેરી અને ફિશરીઝ વિભાગના જરૂરીયાત મુજબના વૈજ્ઞાનિક સાધનો, લેબ મીડીયા, કેમીકલ્સ, ગ્લાસવેર, મેડીસીન વગેરે સાધન-સામગ્રી ઉપલબ્ધ નથી હોતી. જેથી ખરીદી GeM પોર્ટલ પરથી થઈ શકતી નથી. જે માટે GeM પોર્ટલ સિવાય અન્ય માધ્યમમાંથી ખરીદી કરવા માટે નીચે મુજબની વિભાગવાર કમિટીની રચના કરવામાં આવે છે.

| વેટરનરી વિભાગ માટેની કમિટી | | |
|---|---|---|
| ક્રમ | અધિકારીશ્રીનું નામ | કમિટીમાં હોદ્દો |
| ૧ | ડો. એસ. બી. દેશપાંડે | ચેરમેન |
| ૨ | ડો. ટી. પી. પટેલ | સભ્યશ્રી |
| ૩ | ડો. એ. આઇ. દાદાવાલા | સભ્યશ્રી |
| ૪ | ડો. જી. આર. ચૌધરી | સભ્યશ્રી |
| ૫ | શ્રી એન. સી. પટેલ | સભ્યશ્રી |
| ફિશરીઝ વિભાગ માટેની કમિટી | | |
| ૧ | ડો. એસ. બી. દેશપાંડે | ચેરમેન |
| ૨ | ડો. વિવેક શ્રીવાસ્તવ | સભ્યશ્રી |
| ૩ | ડો. એસ. આર. લેન્ડે | સભ્યશ્રી |
| ૪ | શ્રી સુજીતકુમાર | સભ્યશ્રી |
| ૫ | શ્રી એન. સી. પટેલ | સભ્યશ્રી |
| ડેરી વિભાગ માટેની કમિટી | | |
| ૧ | ડો. વિ. એમ રામાણી | ચેરમેન |
| ૨ | ડો. એમ. એન. હિંગુ | સભ્યશ્રી |
| ૩ | ડો. તન્મય હાઝરા | સભ્યશ્રી |
| ૪ | શ્રીમતી રાધિકા ગોવાણી | સભ્યશ્રી |
| ૫ | શ્રી બી. વી. દેવગાણિયા | સભ્યશ્રી |

પાછળ...

ઉક્ત રચાયેલ કમિટીને GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તેવા સાધનોની ખરીદી કરવા માટેના સ્પષ્ટ અભિપ્રાય સહ આગળની ખરીદીની પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ જે તે વિભાગ દ્વારા GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તેવા સાધનોની ખરીદી કરવા માટે ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીને પૂર્વ મંજૂરી મેળવવાની દરખાસ્ત રજૂ કરવાની રહેશે. ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીને ૧૫ દિવસમાં મંજૂરી આપવા વિનંતી કરવી અને જો ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી તરફથી પૂર્વ મંજૂરી દિન-૧૫માં ન મળે તો આગળની કાર્યવાહી અત્રેથી કરવામાં આવશે એવી જાણ કરવી ત્યારબાદ રચાયેલ કમિટી દ્વારા ખરીદીની ભલામણ સહ રોજકામ કરી આગળની પ્રક્રિયા GeM પોર્ટલ સિવાય અન્ય માધ્યમથી કરવાની રહેશે. આ પ્રકારે ખરીદીનો ઓર્ડર કરતાં પહેલાં પણ ફરીથી એક વાર GeM પોર્ટલ પર ચકાસણી કર્યા પછી ખરીદીની પ્રક્રિયા કરવી. સદર કમિટીમાં ઓછામાં ઓછા ત્રણ સભ્યોની સહી હોવી આવશ્યક છે. જેમાં ચેરમેન અને હિસાબી અધિકારીશ્રીની સહી ફરજીયાત પણે હોવી જોઈએ.

વધુમાં GeM પોર્ટલ સિવાય અન્ય માધ્યમમાંથી ખરીદી કરવાની થાય તો તે અંગેની જાણ ખરીદ સમિતીને કરવાની રહેશે.

ઉક્ત પરિપત્ર માન.કુલપતિશ્રીની મળેલ મંજૂરી તથા યુનિવર્સિટીના વિશાળ હિતાર્થે બહાર પાડવામાં આવે છે.

(ડૉ. ડી. બી. પાટીલ)
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં.કાયુ/સં.નિ./યુ-૨/પી-૧૦૧/ ૧૪૪૨ /૨૦૨૦ તા.૧૦/૧૨/૨૦૨૦

<u>નકલ રવાના:</u>

- અત્રેની યુનિવર્સિટીના દરેક વિભાગ/કચેરીના વડાશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી અર્થે.
- કમિટીના સર્વે સભ્યશ્રી, કામધેનુ યુનિવર્સિટી (મારફત કચેરી) તરફ અમલવારી કરવા સારૂ.

<u>નકલ રવાના જાણ સારૂ</u>

- માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.